॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

॥ श्रीजीबापा स्वामीबापा ॥

**શ્રી મુક્તજીવન સ્વામીબાપા**
**શતાબ્દી મહોત્સવ**
**સંવત ૧૯૬૩ - ૨૦૬૩**

# શ્રી હરિજ્ઞાનામૃત કાવ્ય

# અમૃત બિંદુ - ૪

: પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન
શ્રીજીસંકલ્પમૂર્તિ આદ્ય આચાર્યપ્રવર
ધર્મધુરંધર ૧૦૦૮ શ્રી મુક્તજીવન સ્વામીબાપા
સુવર્ણ જયંતી મહોત્સવ સ્મારક ટ્રસ્ટ,
મણિનગર, અમદાવાદ - ૩૮૦ ૦૦૮

ઈ.સ. ૨૦૬૧ પ્રબોધિની એકાદશી



## સુવિચાર

- ભૂલ સુધારનાર શાણો છે, ભૂલ છૂપાવનાર અપરાધી.
- આંખ વિનાનો નહિ, પોતાના દોષ ન જોઈ શકનાર અંધ છે.
- જેઓ ધૈર્યશીલ છે તેઓ પોતાના ધારેલાં કાર્યો કરી શકે છે.
- શત્રુ અને રોગની ઉપેક્ષા ન કરો.
- અમીર હોવાં છતાં પણ જેની ધનલાલસા ઓછી થઈ નથી તે સૌથી વધુ ગરીબ.
- માન પામવું સહેલું છે, પચાવવું મુશ્કેલ છે.

# અનુક્રમણિકા


| ક્રમ | કીર્તન | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | દિવ્ય કારણ સત્સંગ......... | ૫ |
| ૨ | બડ ભાગ્ય ખોલ ગયે....... | ૧૧ |
| ૩ | ઈસબિધ ધર તું ધ્યાન....... | ૧૨ |
| ૪ | હે સદ્ગુરુજી ! .... ....... | ૧૪ |
| ૫ | રસીલી મૂર્તિ સુખકી ખાન... | ૧૭ |
| ૬ | શ્રીજી દાતાર સબન ........ | ૧૯ |
| ૭ | રસીલે, રસીલે, રસીલે...... | ૨૦ |
| ૮ | શ્રીજી વચનામૃત રહસ્યાર્થ... | ૨૨ |
| ૯ | જીવ તું મહારસ......... | ૨૭ |
| ૧૦ | ખોટું તો થયું રે દેવળ..... | ૩૦ |
| ૧૧ | સાચું તો મળ્યું રે દેવળ....... | ૩૨ |
| ૧૨ | ભાગ્ય લ્યો ગણી રે......... | ૩૪ |





| ક્રમ | કીર્તન | પૃષ્ઠ |
|---|---|---|
| ૧૩ | જુઓ ધ્યાન ધરી.......... | ૩૬ |
| ૧૪ | ઓ ઘનશ્યામ પ્રભુ.......... | ૩૮ |
| ૧૫ | સુખકા સાગર યે જીવન....... | ૪૧ |
| ૧૬ | શ્રીજી વિજયના ધ્વજો......... | ૪૩ |
| ૧૭ | મળીયા ભવભયહારી....... | ૪૫ |
| ૧૮ | હરિ દાસનાં તે દુઃખડાં......... | ૪૬ |
| ૧૯ | આવ્યા આવ્યા આવ્યા........ | ૪૮ |
| ૨૦ | શ્રીજી પ્રગટ મળ્યા.......... | ૫૧ |
| ૨૧ | અમે રહેનારા રે મૂર્તિ......... | ૫૪ |
| ૨૨ | ન સમજું બીજું હું તો.......... | ૫૬ |
| ૨૩ | ગર્વ નથી ગમતો............. | ૫૭ |
| ૨૪ | એક છો પ્યારા શ્રીજી......... | ૫૯ |
| ૨૫ | અમે તો બાપાના સંતાન..... | ૬૧ |

(આજ કલિયુગમાં પરચા પૂરે પ્રભુજી.....એ રાગ)

દિવ્ય કારણ સત્સંગમાંહી સુણોજીજ્ઞાસુ,
શ્રીજી મળે મોક્ષ થાય છે,
કરે મુક્ત મુમુક્ષુને સુણો જીજ્ઞાસુ...
શ્રીજી...ટેક

કાર્ય કારણ જે ઓળખે આ ટાણે,
તે જ શ્રીજી રહસ્ય સત્ય જાણે,
થઈ દાસાનુદાસ તે વખાણે...
જીજ્ઞાસુ૦ ૧

શ્રીજી એક ને બીજા અનાદિમુક્ત,
તેને કારણ પ્રમાણો કરી જુક્ત,
બીજું સર્વે છે કાર્યમાંહી ગુપ્ત...
જીજ્ઞાસુ૦ ૨



એ બેમાંથી એક મળે જેને જ્યારે,
તેને સમજાવે વાત બધી ત્યારે,
તેની રીત કહું સુણો આ વારે....
જીજ્ઞાસુ૦ ૩

પ્રથમ મુમુક્ષુ ગુરુ પાસ આવે,
ગુરુ એકજ સહજાનંદ કહાવે,
કર જોડી નમ્રવાણી તે સુણાવે....
જીજ્ઞાસુ૦ ૪

કાળ કર્મ માયા પાશથી મુકાવો,
યમદૂત પાપકર્મથી બચાવો,
લઈ શરણે આ દીનને જીવાવો...
જીજ્ઞાસુ૦ ૫

હરિકૃષ્ણ પ્રભુ કહે એને એમ,
દારૂમાંસાદિક પાંચ પાળે નેમ,
પશુ મટાડી મનુષ્ય કરે તેમ.....
જીજ્ઞાસુ૦ ૬

એમ પાત્ર કરી અર્પણ કરાવે,
તન મન વળી ધન જે કહાવે,
જન્મ અનેકનાં કર્મ તે બળાવે....
જીજ્ઞાસુ૦ ૭

તન મને કરી સ્થૂળ સૂક્ષ્મ જાણો,
ધન શબ્દે કરી કારણ પ્રમાણો,
બીજા કર્મોથી જાય મહાકારણો....
જીજ્ઞાસુ૦ ૮



દુઃખદ જીવનું તમામ હરે છે,
નિરાધાર થઈ ચિંતા કરે છે,
રહેવું મારે ક્યાં એમ ઉચ્ચરે છે...
જીજ્ઞાસુ૦ ૯

ત્યારે કૃપા કરી બોલ્યા સુખદાય,
રાખ્યા મુક્ત અનાદિ મૂર્તિમાંય,
રાખીશ તને પણ એ સ્થાનમાંય...
જીજ્ઞાસુ૦ ૧૦

આમ કૃપાથી મુક્ત થવાય છે,
રસબસ ભાવે સુખમાં ઠરાય છે,
જેમ સાકર દૂધમાં સમાય છે.
જીજ્ઞાસુ૦ ૧૧

લક્ષ્મી જેમ લીન થાય કૃષ્ણમાંહી,
વળી રસો રહે સર્વે મધમાંહી,
તેમ મુક્ત અનાદિ મૂર્તિમાંહી....
જીજ્ઞાસુ૦ ૧૨
સ્વામી સેવક સદાય છે સાકાર,
મુક્ત ભોક્તાપણે થયા તદાકાર,
જેમ વાણો તાણો છે એક હાર....
જીજ્ઞાસુ૦ ૧૩
શ્રુતિ સ્મૃતિની સાખે કહેવાય છે,
શ્રીજીવચન તે શ્રુતિ ગણાય છે,
બોલે મુક્ત તે સ્મૃતિમાં લેખાય છે...
જીજ્ઞાસુ૦ ૧૪



નથી સાધન કે બુદ્ધિનું આ કામ,
કેવળ કૃપાથી છે પ્રાપ્તિ તમામ,
રાખો પાકો વિશ્વાસ તે આ ઠામ....
જીજ્ઞાસુ૦ ૧૫
ઉત્તમરાયને શ્રીજીએ કહ્યું એમ,
નાખો કોળું આ ઘડામાં આખું તેમ,
લેશ ડગ્યા નહિ આવશે કે કેમ...
જીજ્ઞાસુ૦ ૧૬
એવો વિશ્વાસ સંપૂર્ણ ઉર આવે,
ત્યારે મૂર્તિનું સુખ તેને પાવે,
પામી આનંદ દાસાનુદાસ ગાવે....
જીજ્ઞાસુ૦ ૧૭

(રાગ....માલકોષ)

બડ ભાગ્ય ખોલ ગયે મેરે શ્યામ,
શ્રીજી વર તું ઈષ્ટ મમ સુખકે ધામ...
બડ૦ ટેક

મેં ન કીનો સાધન તપ તીરથ,
પ્રગટ મીલ દિયે મૂર્તિ ગામ...બડ..૧

સહજ મેં સહજાનંદ મિલન કિયો,
કરકે રસબસ પૂરણકામ......બડ..૨

બાત બાતમેં ઢળ ગયે અઢળક,
મુખોમુખ મીલે શ્રી ઘનશ્યામ.બડ..૩

દાસ કે દાસ અબ ભયો કૃતારથ,
મૂર્તિ તેરી હૈ ઠરનકો ઠામ....બડ..૪



(રાગ....તિલંગ)

ઈસબિધ ધર તું ધ્યાન, મુસાફિર;
ઈસબિધ ધર તું ધ્યાન....
કહત હૈ શ્રી ઘનશ્યામ, મુસાફિર..
ઈસ..ટેક

સ્વસ્તિકાસન બૈઠ ઋજુકાય કર;
નાસિકાગ્ર કર પ્રાણ, મુસાફિર....
ઈસ...૧

પુરુષોત્તમ તેરો રૂપ માનકર;
છોડ દે અભિમાન, મુસાફિર.....
ઈસ...૨

શ્વાસોચ્છ્વાસ નાભિસે રટન કર;
સ્વામિનારાયણ નામ, મુસાફિર....
ઈસ...૩
નખશિખ મૂર્તિ સળંગ દેખકર;
ભૂલ દે તેરો ભાન, મુસાફિર...
ઈસ...૪
રસબસ રોમ રોમ રાચકર;
મૂર્તિમેં બન ગુલતાન, મુસાફિર...
ઈસ...૫
દાસકે દાસ કહે યાચ કૃપા તું;
સિદ્ધ હોવનકે ધ્યાન, મુસાફિર....
ઈસ...૬



*(રાગ....સોરઠ)*

*(કહેજો કાનાને કુબજાને વશ થઈને કેમ બેસી રહ્યા)*

હે સદ્‌ગુરુજી ! (૨)
જેમ કહેશો તેમ કરશું જોડી હાથજી,
હે કૃપાનિધિ ! (૨)
કૃપા કરીને રાખો અમને સાથજી૦ ટેક
આપ સદાય શ્રીજી સાથ રહો,
રહી રસબસ ભાવે સુખ લહો;
તેનો પાર જ પામે કોણ કહો....
હે સદ્...૧
આપ સ્વતંત્ર સિદ્ધ મુક્ત હતા,
કરી દર્શન જીવો ન્યાલ થતા;
લઈ આશીર્વાદ સુખમાં થીજતા...
હે સદ્...૨

આપ ઉપદેશ માટે વિચરતા,
એક શ્રીજી વિનાનો ભાર હરતા;
રાખી મૂર્તિમાં નિર્ભય કરતા...
હે સદ્...૩

ઉચ્ચ ઉપાસનાની વાતોથી,
વળી દિવ્યભાવે દર્શનથી;
ઘણા છૂટ્યા માયિક બંધનથી....
હે સદ્...૪

આપ દર્શ સમાગમ જેણે કર્યા,
દિવ્યભાવે તેનાં અંગ ફર્યાં;
તે તો શ્રીજી સુખમાં સહુ ઠર્યા....
હે સદ્...૫



આપે રમતગમતથી જ્ઞાન કરી,
પૂછી પ્રશ્નો સર્વે ગ્રંથી હરી;
જોઈ મૂર્તિ અમારી દૃષ્ટિ ઠરી....
હે સદ્...૬

આપ અખંડ મૂર્તિમાં રહેતા,
અહીં મનુષ્યરૂપે દર્શન દેતા;
અમને કડવાં મીઠાં વચનો કહેતા....
હે સદ્...૭

આપ પ્રૌઢ પ્રતાપે અનુરાગી,
કંઈક ગૃહી મટીને બન્યા ત્યાગી;
તવ કૃપાથી મૂર્તિમાં લે’ લાગી....
હે સદ્...૮

આપ દિવ્યરૂપે દર્શન દેજો,
વળી હિતકારી વચનો કહેજો;
જાણી બિરદ સદા ભેળા રહેજો....
હે સદ્...૯
આપ કૃપા કરી વચને પળજો,
હોય ગુન્હા અમારા તે માફ કરજો;
આ સેવકની વિનંતી ઉર ધરજો....
હે સદ્...૧૦

*(સખીરી મનકું લે ગયે કોન....એ રાગ)*

રસીલી મૂર્તિ સુખકી ખાન,
અવતારી શ્રીજી જીવનપ્રાણ,
દિવ્ય રૂપાકર દિવ્ય સુખાકર,
દિવ્ય ગુણાકર વાહ ! (૨)..રસીલી.૧



સામર્થ્ય છુપાકર છબી બતલાકર,
મંદ હસાકર વાહ ! (૨)....
રસીલી મૂર્તિ...૨
બાત સુનાકર હસ્ત ગ્રહાકર,
જોરી ખેંચાકર વાહ ! (૨)....
રસીલી મૂર્તિ...૩
અનાદિ બનાકર સુખમેં ડુબાકર,
આનંદ બઢાકર વાહ ! (૨)...
રસીલી મૂર્તિ...૪
દાસનકે દાસ પર કૃપા વર્ષાકર,
તેરા ગનાકર વાહ ! (૨)....
રસીલી મૂર્તિ...૫

*(રાગ...બિલાવલ)*

શ્રીજી દાતાર સબન મુક્તનકો,
તુંહિ અનાદિ કર જીયનકો..શ્રીજી.ટેક
એક સનાતન તું પુરુષોત્તમ,
કારન તું હે સબ કારનકો....શ્રીજી..૧
સુંદર તેરી મૂર્તિ સુખાકર,
રસબસ હોકે સુખ ઝીલનકો..શ્રીજી..૨
અનંત બંબકી જ્યોતિ ઝળાવત,
મૂર્તિ સબનકો ઠામ ઠરનકો..શ્રીજી..૩
અનાદિકો સંગ લીન બનાકર,
ન્યાલ કિયો હૈ દાસ દાસનકો.શ્રીજી..૪



*(રટીલે રટીલે રટીલે હરિનામ....એ રાગ)*

રસીલે, રસીલે, રસીલે, શ્રી ઘનશ્યામ,
જાણી લેજો એજ મૂર્તિ,
નામોનું છે નામ...રસીલે......ટેક
નામ,આ નામ, સ્વામિનારાયણનું નામ;
મૂર્તિમાં રહીને પ્રેમે રટજો,
નામીએ સહિત નામ...રસીલે...૧
હામ, આ હામ,રાખો શ્રીજી બળથી હામ;
સાધન બળને દૂર કરીને,
કૃપા યાચો આમ.......રસીલે...૨
ભાન,આભાન,ભૂલવાદેહાદિકનુંભાન;
ધ્યાન કરીને સ્થિતિ કરવા,
કહે છે જીવનપ્રાણ.....રસીલે...૩

કામ, આ કામ, આ એકજ છે જો કામ;
રોમ રોમના સુખમાં થીજવું,
બનીને નિષ્કામ........રસીલે...૪
ઠામ, આ ઠામ, શ્રીજી એકજ સુખનું ઠામ;
પય સાકરવત્ સુખમાં રહીને,
થાઓ પૂરણકામ.......રસીલે..૫
નાથ, આ નાથ, શ્રીજી એક અમારા નાથ;
દાસાનુદાસ કહે સ્નેહે સુણજો,
રસબસની આ ગાથ.....રસીલે..૬



(રાગ...ગઝલ)

શ્રીજી વચનામૃત રહસ્યાર્થ ટીકા,
લાગ્યા પ્રમાણમાં શ્રીજીના સિક્કા..
શ્રીજી..ટેક
આત્યંતિક મોક્ષના દાતા પુનિતા,
વેદ પુરાણ એમ ભાગવત ને ગીતા..
શ્રીજી..૧
ધર્મ જ્ઞાન વૈરાગ્ય મહાત્મ્ય સહિતા,
ભક્તિ ભરી છે એમાં પ્રેમ સહિતા..
શ્રીજી..૨
ઉપાસના એમાં સર્વોપરિ છે,
સર્વે ટીકાઓની શિરોમણિ છે...
શ્રીજી..૩

મૂર્તિમાં રહેવાની સુંદર નીતિ,
કહી છે એમાં સુંદર રીતિ....
શ્રીજી..૪

શ્રીજીસંકલ્પથી દર્શન દેનારા,
આશીર્વાદથી દુઃખ હરનારા...
શ્રીજી..૫

નામ છે જેનું અબજી બાપા,
જેના અખંડ છે પ્રૌઢ પ્રતાપા...
શ્રીજી..૬

ટીકાના કર્તા બાપાશ્રી જાણો,
આવ્યા છે ટીકા કરવા પ્રમાણો...
શ્રીજી..૭



શ્રીજીની ઈચ્છાથી ટીકા કરી છે,
મૂર્તિમાં રાખવાને સર્વોપરિ છે....
શ્રીજી..૮

મૂર્તિમાં સદાય સંલગ્ન રહેતા,
મનુષ્યરૂપે અહીં દર્શન દેતા.....
શ્રીજી..૯

સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસ સ્વામી,
સિદ્ધ સ્વતંત્ર ને મહાનિષ્કામી...
શ્રીજી..૧૦

ટીકાનો તેમણે સંગ્રહ કીધો,
જીવો માટે મોક્ષ દ્વાર ખોલી દીધો...
શ્રીજી..૧૧

સદાનું સજીવન તીર્થ કર્યું છે,
મૂર્તિ માટે જંગમ તીર્થ ઠર્યું છે.....
શ્રીજી..૧૨

પુરાણી ધર્મકિશોરદાસ નામ,
પ્રશ્નો લખીને આપે સ્વામીને આમ..
શ્રીજી..૧૩

ટીકા સહ વચનામૃત પારાયણ,
કરવાથી શું ફળ મળે તત્ક્ષણ....
શ્રીજી..૧૪

કેટલી પારાયણે મૂર્તિ દેખે,
સ્થિતિ સહિત મૂર્તિ સુખને પેખે....
શ્રીજી..૧૫



બાપાશ્રી તેનો ઉત્તર આપે છે,
જન્મ મરણનું સંકટ કાપે છે...
શ્રીજી..૧૬

ચારે પુરુષાર્થની સિદ્ધિ મળે છે,
પારાયણે સર્વ ગ્રંથી ગળે છે....
શ્રીજી..૧૭

પાંચ પારાયણે મૂર્તિમાં રહે છે,
નિષ્કામી થઈને સુખમાં ઠરે છે....
શ્રીજી..૧૮

દર્શન સ્પર્શ ને શ્રવણ જે કરશે,
પાઠે નિરંતર મૂર્તિમાં ઠરશે...
શ્રીજી..૧૯

આશીર્વાદ બાપાએ રૂડા દીધા છે,
દાસાનુદાસ કહે ન્યાલ કીધા છે...
શ્રીજી..૨૦

*(જીવ તું બ્રહ્મરસ ભોગવનાર....એ રાગ)*

જીવ તું મહારસ ચાખણહાર,
શ્રીજી ભૂલી શીદને થા લાચાર.ટેક
શ્રીજી આવ્યા લાવ્યા મુક્તો,
ધામ થકી આ વાર;
નરના જેવું નાટક ધારી,
જીવો કરે ભવપાર....જીવ તું..૧
માયા રૂપી કેદ છોડાવા,
શરણે લે ધર્મકુમાર;
કેવી કરી કળ બળ આપ્યું,
જુઓ કરી વિચાર....જીવ તું..૨



ત્રણ દેહ અવસ્થા ગુણ ત્રણ,
પંચ વિષય અંતઃકરણ ચાર;
પંચ ભૂત પ્રાણ ઈન્દ્રિયો દશ,
દેવતા ચૌદ નિરધાર...જીવ તું..૩
સત્તાવનના ટોળામાંથી ભાઈ,
તુજને કાઢ્યો બહાર;
નિજ સ્વરૂપનું ભાન કરાવી,
આપ્યું બળ અપાર...જીવ તું..૪
કાળ માયાની બીક મટાડી,
કાપી કર્મની જાળ;
અન્ય દેવનો ડર રહ્યો નહિ,
કોની હવે ઓશિયાળ..જીવ તું..૫

પુરુષોત્તમરૂપ કરીને તુજને,
કહે હરિ કરી પ્યાર;
લે આ સુખમય મૂર્તિ આપી,
રહેજે તે મોઝાર......જીવ તું..૬
મૂર્તિ ધ્યાને ઠરશો તો થાશો,
મૂર્તિમાં રમનાર;
અનાદિ સંગે રસબસ થઈને,
સુખડાં ભોગવનાર...જીવ તું..૭
શ્રીજી ચરણે જીવ જે આવે,
વચનના ઝીલનાર;
દાસાનુદાસ કહે જરૂર પામે,
મહારસનો ભંડાર....જીવ તું..૮



*(જુનું તો થયું રે દેવળ.....એ રાગ)*

ખોટું તો થયું રે દેવળ ખોટું તો થયું;
સાચા જ્ઞાને કરીને દેવળ ખોટું તો થયું..
ટેક

પંચભૂતોનું દેવળ ખોટું ને દુ:ખદાયી;
માયા તણું એમાં તોફાન રહ્યું....
સાચા...૧

જન્મ મરણને વારે વારે આપે એ તો;
તેવા દેવળમાં રહી શું રે કરું.....
સાચા...૨

અજ્ઞાન ને મોહે કરી સારું લાગે છે;
હાડ ચામ અને રુધિરે ભર્યું....
સાચા...૩

પંચવિષયમાં પ્રીતિવાળા જીવોએ;
દેહ રૂપી દેવળ પસંદ કર્યું....
સાચા...૪

માયાના જીવો રહે છે દેહ દેવળમાં;
માટે તેનું દેહધારી નામ પડ્યું....
સાચા...૫

દાસાનુદાસ શરણાગતનું હરિએ;
મૂર્તિ આપી દેહ ખોટું તો કર્યું.....
સાચા...૬



*(જુનું તો થયું રે દેવળ)*

સાચું તો મળ્યું રે દેવળ સાચું તો મળ્યું;
શ્રીજી તારી કૃપાએ દેવળ સાચું તો મળ્યું..
ટેક

કોટિ કલ્પે ને કોટિ સાધને મળે નહિ;
વાતની વાતમાં હરિએ આપી રે દીધું....
શ્રીજી..૧

તેજોમય ને અમૃતધામ એ દેવળ;
સદાય છે એ તો નવું ને નવું....
શ્રીજી..૨

સુખ સુખ ને સુખ મૂર્તિ દેવળમાં;
અનુભવીઓને તે તો લાગે છે ગળ્યું..
શ્રીજી...૩

અખંડ સનાતન દેવળ મૂર્તિ છે શ્રીજી કેરી;
રોમે રોમમાં સુખ એમાં તો ભર્યું...
શ્રીજી...૪

અનાદિ મુક્તો રહે છે મૂર્તિ દેવળમાં;
રસબસપણે સુખ ભોક્તા પણું.....
શ્રીજી...૫

દાસાનુદાસ કહે સાચું છે મૂર્તિ દેવળ,
હંસ રૂપી મુક્ત સંગે હું રે રહું....
શ્રીજી...૬



*(રાગ....ખમાચ) (આજની ઘડી....એ રાગ)*

ભાગ્ય લ્યો ગણી રે,
ધન્ય ભાગ્ય લ્યો ગણી;
શ્રીજીને મળવે કરી,
ધન્ય ભાગ્ય લ્યો ગણી........ટેક

જન્મો જન્મના કેસો કેરી,
નીકળી સુનવણી;
ગુન્હા કીધા માફ હરિએ,
રહી નહિ ફેરવણી રે..ભાગ્ય...૧

અનેક જન્મનાં સુકૃત ફળિયાં,
થઈ મહેર હરિ તણી;
મુક્તોદ્ધારે પ્રગટ શ્રીજી,
આપે દોરવણી રે.....ભાગ્ય...૨

જીવની બુદ્ધિ ટાળી આપે,
દિવ્ય બુદ્ધિ ઘણી;
જ્ઞાન સમજાવી વ્હાલે આપી,
મોક્ષ નિસરણી રે....ભાગ્ય...૩
મૂળ સ્વરૂપ તો દેહ નહિ,
જો મુક્તોના ભણી;
પુરુષોત્તમરૂપ તુજને કીધો,
નિજ બિરદ ગણી રે..ભાગ્ય...૪
અલૌકિક પ્રતાપે વાત,
ન બન્યાની બની,
અનાદિ સંગે દે છે દાત્ય,
શ્રીજી સુખ તણી રે...ભાગ્ય...૫



મૂર્તિ ધ્યાને નિશદિન ઠરજો,
ન થાય વગોવણી;
સત્ય કરીને દાસાનુદાસની,
માનો વિનવણી રે...ભાગ્ય...૬

*(હે સદ્‌ગુરુજી (૨) જેમ કહેશો તેમ કરશું.....એ રાગ)*

જુઓ ધ્યાન ધરી (૨)
નખ શિખ મૂર્તિ સુંદર શ્રી ઘનશ્યામની,
શ્રીજીરૂપ બની (૨)
અનાદિ સંગે મોજો માણો સુખની.
જુઓ...ટેક
કે'દી કાયર ધ્યાને નવ થાશો,
ઘાટ સંકલ્પ જોઈ ના મૂંઝાશો;
તો તરત કૃતાર્થ બની જાશો..જુઓ..૧

નિત્ય નિયમ પૂર્વક ધ્યાન કરો,
સ્થિર બેસી સ્મરણ શ્વાસ ભરો;
મૂર્તિ જોવા પૂરો ખ્યાલ કરો..જુઓ..૨
ધ્યાન અભ્યાસે રાજી શ્રીજી,
પૂરા પાત્ર બનાવા બહુ મરજી;
ધ્યાન ખૂબ કરોને અન્ય વરજી.જુઓ..૩
ધ્યાનરૂપી મજરો ખાસ કરજો,
મુક્ત અનાદિ સંગે ભળજો;
અલમસ્ત થઈ સુખમાં ઠરજો..જુઓ..૪
સહુ સાધન કરતાં ધ્યાન સારું,
એ કરતાં દુઃખ જાય તારું;
કહે દાસાનુદાસ માનો મારું...જુઓ..૫



*(ઓ દુનિયા કે રખવાળે....એ રાગ)*

ઓ ઘનશ્યામ પ્રભુ સુખરાશિ,
તમે અક્ષરધામના વાસી ૦ ટેક
ખાસ સિદ્ધાંતો કે લિયે,
તુંને યહ મંદિર બનાયા,
માયાને તુરત તુફાન મચાયા,
માલકી મોહ જગાયા;
તુજ સે અલગ રહાયા,
ઓ...રુક ગઈ મેરી કાર્ય કી શક્તિ;
તુજ બીન કૌન સમાલે...
ઓ ઘનશ્યામ ૦ ૧

સિદ્ધાંત પ્રચાર કી પ્રતિજ્ઞા લે લે,
ગુરુને કહા હમારે,
સાથમેં નહિ રહેંગે ત્યાગી,
ગૃહસ્થ સંગ હે તેરે;
ત્યાગી કે ગયે સહારે;
ઓ...જીવનસાથી મેરા બનકે,
નૈયા પાર ઉતારે...
ઓ ઘનશ્યામ ૦ ૨
હરિ ઔર ગુરુ મેં આપ ભરોસે,
ચલ રહા હું અકેલા,
કુછ નેતા બીન ઠીક ઠીક સાથ હૈ,



આપ હૈ મેરા ભેલા,
ઘનશ્યામ બિરદ હૈ તેરા,
ઓ...મિલકત જુઠી, માલકી જુઠી;
દે દે સુખ અનેરા...
ઓ ઘનશ્યામ ૦ ૩
દાસ કે દાસ કહે ઐસા કીજે,
સબ બોલ ઊઠે એક હારે;
બાપાશ્રી કા સિદ્ધાંતો કે લિયે,
મંદિર હૈ યે ન્યારે;
હમ જીવન મસ્ત ગુજારે,
ઓ...સાથ ન તુટે, હિંમત ન ખૂટે,
બલ દીજે દીન દયાલે...
ઓ ઘનશ્યામ૦ ૪

*(રાગ ભૈરવી)*

*(તું ગંગાકી મોજમે....એ ઢાળ)*

સુખકા સાગર યે જીવન હૈ મેરા (૨)
ઓ..હુઆ હૈ મિલન અબ હમેરા તુમેરા
....ટેક

અગર તૂ હૈ દાતા તો,
ભોક્તા જ મૈં હું (૨)
તેરે સુખકી મસ્તીમેં, ગુલતાન મૈં હું (૨)
રહેંગે અકેલે ન, તુમસે મૈં ન્યારા (૨)
અનાદિ કે સંગ, નિત્ય સુખમેં રમૈયા (૨)
અનાદિ ઉત્તમ અનાદિ ઉત્તમ અનાદિ,
મૂર્તિકા સુખકો લેનારા....
ઓ હુઆ હૈ...૧



બતા દેંગે શ્રીજી તેરે, સચ્ચે હો રૂપકે (૨)
હરિ મહેરસે, મોજસે મોજ મિલતે (૨)
ડૂબોંગે મૂર્તિમેં, ફિર નિકલ ન સકોંગે (૨)
સુખ દેંગે શ્રીજી, દાસ કે દાસ લેંગે (૨)
ચલે આઓજી ચલે આઓજી ચલે આઓ,
અનુભવીકા લેકર સહારા....
ઓ હુઆ હૈ...૨

(ગરબો)

(ત્રિરંગી રંગના એ ઝંડા ફરકાવજો...એ રાગ)

શ્રીજી વિજયના ધ્વજો ફરકાવજો,
રસબસના સૂત્રો ગવાય;
સુણ ભાઈ કારણ સત્સંગમાં..... ૦ ટેક

ગાજો ગાજો ગીત પ્યારા ઘનશ્યામના,
લેજો લેજો લ્હાવ મળેલ આનંદના;
આજ મુમુક્ષુને હરખ ઊભરાય...
સુણ...૧

ગજાવો પડ સત્ય જ્ઞાનના પ્રચારથી,
બઢાવો જ્ઞાન અને ધ્યાન પ્રયાસથી;
જીવ સત્સંગના રંગે રંગાય...
સુણ...૨



અનાદિ મુક્તના ઉત્તમ જ્ઞાનનું,
લીધું લીધું અમે પણ પ્રચારનું;
તોજ શ્રીજીના ઋણથી છૂટાય....
સુણ...૩

બનો બનો બળવાન સત્સંગમાં,
રાચો રાચો તમે મૂર્તિના સુખમાં;
રહી મૂર્તિમાં બનો આઝાદ..સુણ..૪

ધરજો શૂરવીર થઈ ધ્યાન ઘનશ્યામનું,
સુણજો વચન ભાઈ દાસના દાસનું;
તો દેહતણા ભાવો ભૂલાય...સુણ.૫

*(આવજો છોગલાં ધારી...એ રાગ)*

મળીયા ભવભયહારી,
મુને આજ મળીયા ભવભયહારી;
જન્મ મારો સુફળ થયો અને
લ્હાવ લીધો બહુ ભારી...મુને...ટેક
મુખોમુખ પ્રગટ મિલનનો,
હું અવસર રૂડો પામી;
પ્રગટ પ્રભુની પિછાન થતાં,
વ્હાલો બન્યા મારા નાવના સુકાની..
મુને...૧
જન્મો જન્મનાં ખાતાં વળાવ્યાં,
દુઃખ નાખ્યાં સહુ ટાળી;
અમૃત નજરે મુજ સામું હેરી,
ન્યાલ કર્યો શિરકર ધારી...મુને...૨



અંતરયામી પ્રભુ અંતરની જાણી,
વાત કરે હિતકારી;
દાસાનુદાસ કહે કૃપા કરીને,
સુખ દે છે સુખકારી....મુને...૩

*(જરા સામને તો આઓ છલીએ....એ રાગ)*

હરિ દાસનાં તે દુઃખડાં કાપજો,
મુજ રાંકનો પ્રભુજી ઘણો વાંક છે;
હું તુજને વિનવું રે મારા વ્હાલમાં,
તારા હાથમાં હરિ મારી લાજ છે..ટેક
હું તારે શરણે આવ્યો પ્રભુજી,
લાજ મારી તો કેમ જાશે;
ભક્તોની ચિંતા પ્રભુ કરે તે,
પ્રભુ નમેરા કેમ થાશે;

હવે તારી કૃપાની આ વાત છે,
નથી ચિંતા પ્રભુ જો સંગાથ છે...
હું તુજને...૧
પૂર્વેના ભક્તોને પ્રભુ ચાહે તો,
આ ભક્તને કેમ ભૂલી શકે;
સ્વામી થયા તો શ્રીજી ઓ મારા,
નિજ સેવકને કેમ ત્યજી શકે;
મેં તો અર્પ્યું બધું તને નાથ રે,
હવે બાજી બધી તારે હાથ રે....
હું તુજને...૨
તમે મારા શેઠ ને ચાકર હું તારો,
સર્વે કર્યું તારું થાશે;



સહજાનંદનો મળતાં સહારો,
દાસાનુદાસ તો ગુણ ગાશે;
હવે નથી મુને બીજી આશ રે,
મુને આપ્યો છે મૂર્તિમાં વાસ રે...
હું તુજને...૩

*(આજા આજા આજા કનૈયા, મેરી ...એ રાગ)*

આવ્યા આવ્યા આવ્યા હરિજી,
મારે મંદિરિયે આવ્યા;
હરિભક્ત સંત સંગ લાવ્યા હરિજી...
મારે ૦ ટેક

માણકી પર વ્હાલે કીધી સ્વારી,
પાર્ષદો ચાલે છત્ર છડી ધારી;
ઢોળે ચમર બ્રહ્મચારી હરિજી..
મારે...૧
સોનેરી પાઘ શિર શોભે સારી,
રૂડી બાંધી છે ત્રણ છોગલાં વાળી;
જુઓ એ કલ્યાણકારી હરિજી..
મારે...૨
મુખ મુદ્રાએ મંદ હાસ્ય ભરી છે,
ભક્તો પર જેની દૃષ્ટિ ઠરી છે;
આવ્યા એ જ અવતારી હરિજી..
મારે...૩



હૈડે હાર જેને શોભી રહ્યા છે,
માણકી લગામ કર ધારી રહ્યા છે;
સુંદર કર છડી ધારી હરિજી....
મારે...૪
ઘનશ્યામ પ્રભુ આજ વચને પળ્યા છે;
દીનબંધુ આજ અઢળક ઢળ્યા છે;
દર્શનનો લ્હાવ લ્યો ભારી
હરિજી... મારે...૫
શ્રીજીએ આજ કીધી મહેરબાની,
તન મન ધનની કરો કુરબાની;
દાસાનુદાસ કેરા હિતકારી હરિજી.
મારે...૬

*(તમે મારા થયા હું તમારો....એ રાગ)*

શ્રીજી પ્રગટ મળ્યા,
   બાપા પ્રગટ મળ્યા,
પ્યારા સ્વામી,
   જય બોલો આનંદને પામી,
શ્રીજી પ્રગટ મળ્યા,
   સ્વામિનારાયણ ગાદી મળી,
પ્યારા સ્વામી
   જય બોલો આનંદને પામી૦ ટેક
સર્વોપરિ સૌના અવતારી,
   સ્વામિનારાયણ સુખકારી;
કોઈથી જાય નહિ કળ્યા,
   એવા ઘનશ્યામ મળ્યા...પ્યારા ૦ ૧



પાપ પુણ્ય સર્વેનાં તો બાળ્યાં,
   કર્મ અનેક જન્મનાં ટાળ્યાં;
ખાતાં વળી ગયાં,
   કરી પૂરી દયા.......પ્યારા ૦ ૨
મારો હાથ ઝાલ્યો હરિવરે,
   અભય કર મૂક્યો મમ શિરે;
મુને એનો કર્યો,
   એતો મારા થયા.....પ્યારા ૦ ૩
નવી લીલાઓ કરી સુખ દીધાં,
   પ્રેમી જનોના કોડ પૂરા કીધા;
જન્મ સુફળ કર્યા,
   પૂર્ણકામ કર્યા.......પ્યારા ૦ ૪
વ્હાલે કોલ મૂર્તિના દીધા છે,
   રસબસ કરી રાખી લીધા છે;

કશી રહી નહિ ખામી,
હું તો મહાપદ પામી...પ્યારા ૦ ૫
નથી દેશ પરદેશ તે કાંઈ,
સદા ભેળા મૂર્તિ સુખ માંહી;
ક્યારેય વિયોગ નથી,
શ્રીજી કહે છે કથી.....પ્યારા ૦ ૬
જુઓ શ્રીજીની કેવી દયા છે,
સદા પ્રત્યક્ષપણે રહ્યા છે;
પ્રગટ પરચા આપે,
દુઃખ જનનાં કાપે.....પ્યારા ૦ ૭
વ્હાલા તમને રીઝવવાને ખાસ,
નિત્ય વિનવે છે દાસાનુદાસ;
સદા ભેળા રહેજો,
નિત્ય દર્શન દેજો.....પ્યારા ૦ ૮



*(અમે મૈયારાં રે ગોકુળ ગામનાં....એ રાગ)*

અમે રહેનારા રે મૂર્તિ ગામના,
કૃપા કરી હરિએ બનાવ્યા રહેનારા રે,
મૂર્તિ ગામના...ટેક
અજ્ઞાને કરી માયા ગામમાં રહ્યા'તા,
જડ દુઃખ મિથ્યા દેહાદિકમાં ફસ્યા'તા;
શ્રીજી સત્ય જ્ઞાને બનાવ્યા રહેનારા રે..
મૂર્તિ...૧
જ્ઞાન આપી કામાદિક શત્રુ હઠાવે,
મૂર્તિમાં રહેવાની લટક બતાવે;
ધ્યાન કરાવી બનાવ્યા રહેનારા રે...
મૂર્તિ...૨

પ્યારા ઘનશ્યામની સુખમય મૂર્તિ,
લગની લગાડીને રાખો તેમાં સુરતિ;
પાત્ર કરી હરિએ બનાવ્યા રહેનારા રે..
મૂર્તિ...૩
સ્વામિનારાયણની મૂર્તિ એ જ ગામ છે,
અનાદિ મુક્તોને પ્યારું એ ધામ છે;
અતિશય સ્નેહે બનાવ્યા રહેનારા રે..
મૂર્તિ...૪
અમૂલખ અવસરના લીધા જેણે લ્હાવા,
મરજીવા થઈ જેણે શિર ઝુકાવ્યા;
દાસાનુદાસ કહે બનાવ્યા રહેનારા રે..
મૂર્તિ...૫



*(માવાના મુગટડાનાં મોતી ઝીણા....એ રાગ)*

ન સમજું બીજું હું તો કાંઈ,
મારે તો દર્શન કરવાં છે;
દર્શન કરવાં છે,
શ્રીજીનાં દર્શન કરવાં છે........ટેક
નથી મને પ્યાસની પરવા,
નથી મને ભૂખની પરવા;
નથી મને દુઃખની પરવા,
મારે તો દર્શન કરવાં છે.ન સમજું..૧
નથી મને ઊંઘની પરવા,
નથી ઉજાગરાની પરવા;
નથી મને થાકની પરવા,
મારે તો દર્શન કરવાં છે.ન સમજું..૨

નથી મને લોકની પરવા,
 નથી મને લાજની પરવા;
નથી મને દેહની પરવા,
 મારે તો દર્શન કરવાં છે.ન સમજું.૩
નથી ઘનશ્યામ બિન પરવા,
 રાખી એક દર્શનની પરવા;
દાસાનુદાસને એક પરવા,
 મારે તો દર્શન કરવાં છે.ન સમજું.૪

(મૂર્તિમાં ખેંચી રહ્યો, ભક્તિનો જાયો....એ રાગ)

ગર્વ નથી ગમતો,
 પ્રભુજીને ગર્વ નથી ગમતો;
જેણે ગર્વ કર્યો તે હાર્યો,
 પ્રભુજીને ગર્વ નથી ગમતો...ટેક



ગર્વ કર્યો જો મહાસાગરે તો,
નીર ખારો કરી ડાર્યો...પ્રભુજીને..૧
ગર્વ કર્યો જો હિરણ્યકશિપુએ તો,
નૃસિંહજીએ સંહાર્યો....પ્રભુજીને..૨
ગર્વ કર્યો જો રાજા રાવણે તો,
રામને હાથે મરાયો....પ્રભુજીને..૩
ગર્વ કર્યો જો શિશુપાળ ને કંસે તો,
રૂઠ્યા છે કૃષ્ણ કનૈયો...પ્રભુજીને..૪
ગર્વ આવ્યો જ્યારે જોબન પગીને,
શ્રીજીએ તે ગર્વ ઉતાર્યો...પ્રભુજીને..૫
દાસાનુદાસ કહે નિર્માની થઈને,
મૂર્તિ સુખમાં મહાલો...પ્રભુજીને..૬

(છેલ છોગાળા હરિને પૂજીને....એ રાગ)

એક છો પ્યારા શ્રીજી ઓ મારા,
હું તો તમને પુકારું રે;
  મારે ભવસાગર તરી જાવું....ટેક
ધન તૃષ્ણા રૂપ ગેહરા ભમરા,
  ઊંચી નીચી નૌકા કરનારા;
સ્ત્રી પુત્ર મિત્ર રૂપી મોટા મગરો,
  તેથી ભયભીત થાઉં રે...મારે...૧
કામ ક્રોધ રૂપ ઊછળે તરંગો,
  તેણે કીધો મુજને બેઢંગો;
મારું પ્રભુજી કાંઈ ન ચાલે,
  નાવ સહિત ડૂબી જાઉં રે...મારે...૨



ઊંચે નીચે જલ છે ખારાં,
  એક હરિ તમે તારણહારા;
ગુરુજી આવો ને હરિને બતાવો,
  તોજ હું તરી જાઉં રે......મારે..૩

શ્રીજી અને ગુરુએ દર્શન દીધાં,
  દાસાનુદાસ કહે ન્યાલ તો કીધા;
તારી નૌકા ભક્ત ઉગાર્યો,
  હરિ ગુરુ મહિમા ગાઉં રે..મારે.૪

*(અમે તો શ્રીજીનાં સંતાન, અમારા ..એ રાગ)*

અમે તો બાપાનાં સંતાન,
 અમારા બાપા જીવનપ્રાણ...ટેક
બાપાને શિર પાઘ સોહાવે,
 શોભે અંગરખીની ચાલ;
ગુલાબના હાર ગજરા બાજુ,
 ધારણ એ કરનાર...અમે તો...૧
પ્રેમીજનોને લાડ લડાવી,
 આપ્યાં સુખ અપાર;
ટાણે ટાણે દુઃખડાં કાપવા,
 સદાય છે તૈયાર....અમે તો...૨



બાપાશ્રી છે રક્ષક જેના,
 દ્રોહી શું કરનાર;
બાપાશ્રીના કર છે શિરપર,
 ભાગ્ય તેનાં અપાર..અમે તો..૩
બાપાશ્રીની વાણી તે છે,
 મૂર્તિ સુખ દેનાર;
જ્યારે વાતો વંચાય ત્યારે,
 બાપા બોલનહાર..અમે તો...૪
બાપાશ્રી આજ પ્રગટ મળ્યા તો,
 કોની હવે ઓશિયાળ;
દાસાનુદાસ કહે મસ્ત બનો ભાઈ,
 બાપા છે રખવાળ..અમે તો...૫

## સુવિચાર

- નિંદા અને નિદ્રા ઉપર વિજય મેળવે તે જ પોતાના ધાર્યા કામમાં સફળતા મેળવી શકે છે.
- પ્રેમ આંખોથી નહિ હૃદયથી થાય છે આથી તેને આંધળો કહેવામાં આવે છે.
- કપટી માનવી વચનો આપવામાં કદી પણ કંજુસાઈ કરતો નથી.
- જે પાપમાં વધુ મજા તે પાપમાં વધુ સજા.
- જેની જીભ રફ તેનું જીવન ટફ.



- માણસે બે વાર મોઢું બંધ રાખવું જોઈએ, પાણીમાં ડૂબે ત્યારે અને ક્રોધ આવે ત્યારે.
- વાસનાનો માત્ર પહેલો ઘૂંટ, સફળતાનો માત્ર છેલ્લો ઘૂંટ, અને ભક્તિનો દરેકે દરેક ઘૂંટ મીઠો હોય છે.
- લાલચને વશ થવાથી જે સુખ મળે છે તે ક્ષણિક છે. લાલચ ન કરવાથી જે સંતોષ મળે છે તે જીંદગી પર્યંતનો છે